"સંભાવ્ય તારીખ" નોશનલ લાભ સાથે મંજુર
કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
હુકમ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૯/૯૩૨/બ-૧
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૮/૧૨/૨૦૨૧

વંચાણે લીધા :

1. મહિલા અને બાળ વિકાસ વિભાગની અધિસૂચના ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૫/૭૭૮/બ. તા.૧૭/૦૭/૧૫
2. મહિલા અને બાળ વિકાસ વિભાગની અધિસૂચના ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૬/૫૯૩/બ. તા.૧૦/૦૧/૧૭

//હુકમ//

વંચાણે લીધા (૧) પરની વિભાગની તા.૧૭/૦૭/૨૦૧૫ની અધિસૂચનાથી મુખ્યસેવિકા સંવર્ગ માંથી બાળ વિકાસ યોજના અધિકારી સંવર્ગમાં બઢતી આપવામાં આવેલ હતી. જેમાં સુશ્રી આશાબેન વી. હોથા (મુ.સે.પ્ર.ક્ર.૫૩૮)ને બઢતી મળેલ ન હતી. તા.૦૫/૦૩/૨૦૧૫ના રોજ મળેલ બઢતી સમિતિની કાર્યવાહી નોંધ અનુસાર સુશ્રી આશાબેન વી. હોથાને ફરજમોકૂફ કરેલ હોવાથી બઢતી માટે અયોગ્ય જાહેર કરેલ હતા. પરંતુ, સુશ્રી હોથાને તા.૦૮/૦૯/૨૦૧૪ના રોજ દોષમુક્ત જાહેર કરેલ હોવાથી તા.૦૫/૦૩/૨૦૧૫ ના રોજ તેઓ બઢતી માટેની પાત્રતા ધરાવતા હતા. સુશ્રી હોથાને ત્યારબાદ વંચાણે લીધા (૨) પરની વિભાગની તા.૧૦/૦૧/૨૦૧૭ની અધિસૂચનાથી બઢતી મળેલ હતી. આમ, સુશ્રી હોથા તા.૦૫/૦૩/૧૫ની પસંદગી સમિતિમાં બઢતી માટેની પાત્રતા ધરાવતા હોવાથી સુશ્રી આશાબેન વી. હોથાના જુનિયર સુશ્રી લીલાવતીબેન પી.પરમાર (મુ.સે.પ્ર.ક્ર.૫૪૫)ની "સંભાવ્ય તારીખ" તરીકે નોશનલ મંજૂર કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

૨/- આથી, સુશ્રી આશાબેન વી. હોથા (મુ.સે.પ્ર.ક્ર.૫૩૮)ને તા.૦૫/૦૩/૨૦૧૫ ની પસંદગીયાદીમાં સમાવી તેઓના જુનિયર સુશ્રી લીલાવતી પી. પરમાર (મુ.સે.પ્ર.ક્ર.૫૪૫) ને બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨ની જગ્યા પર બઢતી મળ્યા તા.૦૧/૦૮/૨૦૧૫ સંભાવ્ય તારીખ નોશનલ લાભ સાથે આપવાની મંજુરી આપવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એચ.જી.રાજ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
2. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
3. નિયામકશ્રી(આઈસીડીએસ) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
4. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, ગાંધીનગર.
5. નાયબ નિયામકશ્રી, વિભાગીય નાયબ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર.
6. પ્રોગ્રામ અધિકારીશ્રી, આઈસીડીએસ, જિલ્લા પંચાયત કચેરી, ગાંધીનગર.
7. સુશ્રી આશાબેન વી.હોથા, બાળ વિકાસ યોજના અધિકારી, કલોલ-૨, જિ.ગાંધીનગર.
8. નાયબ સેક્શન અધિકારીશ્રી, સિલેક્ટ ફાઈલ.
9. શાખા સિલેક્ટ ફાઈલ.